# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, દેશની સૌપ્રથમ સેમિકન્ડક્ટર ચિપ વર્ષ 2026 સુધીમાં સાણંદના સીજી પાવરના પ્લાન્ટમાંથી બનશે.
2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , વાઇબ્રન્ટ સમિટની સફળતાથી ગુજરાત આજે વિશ્વના અનેક મોટા ઉદ્યોગગૃહોનું કેન્દ્ર બન્યું.
3) મગફળી, મગ, અડદ અને સોયાબીનનું ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતો 15 સપ્ટેમ્બર સુધી નોંધણી કરાવી શકશે
4) રાજ્યમાં માર્ગ અકસ્માત અને ડૂબી જવાની વિવિધ ઘટનાઓમાં સાત લોકોના મોત
5) મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SEMICONDUCTOR

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઈ.ટી. મંત્રી અશ્વિની વૈષ્ણવ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ નજીક સાણંદમાં સીજી પાવરના પ્રથમ સેમિકન્ડક્ટર આઉટસોર્સ્ડ અસેમ્બિલી અને ટેસ્ટિંગ ફેસિલિટીના પાયલોટ પ્લાન્ટનો શુભારંભ કર્યો.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી વૈષ્ણવે આ પાયલોટ પ્રોજેક્ટને ભારતના સેમી કન્ડક્ટર ઉદ્યોગ માટે સીમાચિહ્નરૂપ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે વર્ષ 2032 સુધીમાં સેમી કંડકટર ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ઊભી થનારી માનવ સંસાધનની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ભારત સરકારે કુશળ માનવ સંસાધનના નિર્માણ માટે 270 યુનિવર્સિટીને ચિપ નિર્માણ માટેના અત્યાધુનિક સાધન પૂરા પાડ્યા છે.

**(બાઈટ -- અશ્વિની વૈષ્ણવ)**

આ પ્રસંગે સંબોધન કરતાં , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે સેમી કંડકટર ક્ષેત્રે ભારતની પ્રગતિ આવનારા વર્ષોમાં આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગતિ આપશે. સેમી કંડકટર નીતિ ઘડનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય હોવાનું જણાવતા તેમણે કહ્યું કે , દેશમાં સૌથી વધુ 4 સેમી કંડકટર પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપિત થઈ રહ્યા છે.

**(બાઈટ -- મુખ્યમંત્રી)**

ઉલ્લેખનીય છે કે સાણંદ જીઆઈડીસી પરિસરમાં સેમી ગુજરાત ખાતે બે સુવિધાઓ વિકસાવવા 7 હજાર 600 કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થશે. આજે શરૂ થયેલી સુવિધામાં દરરોજ વધુમાં વધુ પાંચ લાખ ચિપ્સ પર એસેમ્બલી, ટેસ્ટિંગ જેવી કામગીરી કરાશે.

. . . . . .

# CM VGRC PROGRAMME

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , વાઇબ્રન્ટ સમિટની સફળતાથી ગુજરાત આજે વિશ્વના અનેક મોટા ઉદ્યોગગૃહોનું કેન્દ્ર બન્યું છે. આજે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલન- VGRCના લોગો , વેબસાઈટ અને મોબાઇલ એપ્લિકેશનનો શુભારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યુ , રાજ્યમાં યોજાનાર વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો દરેક પ્રદેશની ઔદ્યોગિક - આર્થિક ક્ષમતા અને રોકાણો માટેની સજ્જતાનું મંચ બનશે.

**(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

શ્રી પટેલે કહ્યું, 20થી વધુ નીતિથી રાજ્ય સરકારે ગુજરાતને નીતિ સંચાલિત રાજ્ય બનાવ્યું છે. રાજ્યના અલગ અલગ ચાર ઝોનમાં આવા સંમેલનો યોજાશે , જેમાં 9 ઓક્ટોબરે મહેસાણા જિલ્લામાં પ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલન યોજાશે. ત્યારબાદ સૌરાષ્ટ્ર , મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણ આ સંમેલનોનું આયોજન થશે.

ઉદ્યોગોને આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલનું દિશાદર્શન કરીને અગ્રેસર રહેવા VGRC મહત્વનું મંચ બનશે તેવો મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ તથા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

.

# TEKA NA BHAV

ચાલુ સિઝનમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનું ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતો પહેલી સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર સુધી નોંધણી કરાવી શકશે.

આ અંગે વધુ માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ , ટેકાના ભાવે વેચાણનો મહત્તમ ખેડૂતો લાભ લઇ શકે તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે અત્યારથી જ નોંધણી શરૂ કરાઇ છે.

ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ઈ-સમૃદ્ધી પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે.

(બાઇટ : રાઘવજી પટેલ, કૃષિ મંત્રી)

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...............

# MOTHERS MILK BANK --HRISHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે  અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે નવજાત શિશુઓ માટેની “મા વાત્સલ્ય” મધર્સ મિલ્ક બેંકનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું હતું કે , કેટલીક પરિસ્થિતિઓમાં માતાને પૂરતું દૂધ ન આવતું હોય , સમય પહેલાં જન્મેલા અને ગંભીર સ્થિતિવાળા નવજાત શિશુઓ માટે તેમજ શિશુ મૃત્યુદર ઘટાડવા માટે , આ મિલ્ક બેંક સ્થાપવામાં આવી છે.

**(બાઇટ -- ઋષિકેશ પટેલ)**

. . . .

# WEATHER FORECAST

મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

આજે અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, ડાંગમાં ભારે વરસાદની શક્યતા છે. દરિયાકાંઠે ભારે પવન ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યુ.

(બાઇટ : ડૉ.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

રાજ્યનાં 81 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. જેમાં સુરતનાં ઉમરપાડામાં સૌથી વધુ સવા ચાર ઈંચ વરસાદ નોંધાયો છે.

જ્યારે છોટાઉદેપુર જિલ્લનાં કવાંટ તાલુકામાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો. અરવલ્લી જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો.

. . . .

# DAM

ભારે વરસાદને પગલે રાજ્યનાં 101 જળાશયો હાઈ એલર્ટ પર છે. જ્યારે 29 જળાશયોને એલર્ટ પર રાખવામાં આવ્યાં છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા બંધ 91 ટકા ભરાયો છે. ત્યારે સવારથી બંધનાં પાંચ દરવાજા ખોલવામાં આવ્યા છે. જેથી ભરૂચ અને વડોદરાનાં કાંઠા ગામોને એલર્ટ કરવામાં આવ્યાં છે.

જૂનાગઢ જિલ્લાના મેંદરડાના હિરણ નદી પર આવેલો કમલેશ્વર બંધ ૧૦૦ ટકા પાણી ભરાતાં છલોછલ થયો છે. જેથી હેઠવાસના તાલાળા તાલુકાના કમલેશ્વર નેશ, દાજીયાનેશ, ચિત્રાવડ, ચિત્રોડ, ગિદરીયા, ખીરધાર, બોરવાવ, રમરેચી, સાંગોદ્રા, ધૂંસિયા, તાલાળા તેમજ મેંદરડા તાલુકાના સાસણ , ભાલછેલના ગામોને સાવધ રહેવા જણાવાયું છે.

તાપી જિલ્લાના વ્યારા, વાલોડ, ડોલવણમાં મીંઢોળા નદીમાં પાણીની ભરપૂર આવક થઈ છે.

. . .

# ACCIDENTS

રાજ્યમાં માર્ગ અકસ્માત અને ડૂબી જવાની વિવિધ ઘટનાઓમાં સાત લોકોના મોત થયા છે.

કચ્છ જિલ્લાના અંજારમાં એક માર્ગ અકસ્માતમાં ત્રણનાં મોત થયા. અંજાર-મુન્દ્રા માર્ગ પર ખેડોઈ પાસે એક ટ્રેલરનું કન્ટેનર મોપેડ પર પડતાં આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની અન્ય એક ઘટના મોરબી-વાંકાનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બની, જ્યાં લાલપર ગામ નજીક વહેલી સવારે કન્ટેનર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં કૌટુંબિક કાકા અને ભત્રીજાના મોત થયા.

જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ચમારડી ગામની નદીમાં ડૂબી જતા બેનાં મોત થયા. પશુપાલનનો વ્યવસાય કરતા પરિવારના એક 53 વર્ષીય આધેડ અને 10 વર્ષનો કિશોર વાસણ નદીમાં પશુઓને બચાવવા પાણીમાં પડતા બંને ડૂબી ગયા હતા.

. . . . . . . . . .

# GST ---BHARUCH

ભરૂચ ખાતે GST રજિસ્ટ્રેશન હેલ્પ ડેસ્ક સેન્ટરનું પ્રિન્સિપાલ ચીફ કમિશનર રાજીવ ગુપ્તાએ ઉદ્ઘાટન કર્યું.

શ્રી ગુપ્તાએ, GST ભવન ખાતે આ સેન્ટર કાર્યરત કરતાં જણાવ્યું હતું કે , આ સેન્ટરના પ્રારંભથી નાના વ્યવસાયકારોને પડી રહેલી રજિસ્ટ્રેશન અંગેની સમસ્યાઓનું નિવારણ આવશે તેમજ વિભાગ ને પણ લાભ થશે.

. . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 ઓગસ્ટે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે.

આ માસિક રેડિયો કાર્યક્રમની 125મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકે છે. આગામી કડી માટે સૂચનો 29 ઑગસ્ટ સુધી સ્વીકારવામાં આવશે.

. . . . . . .